સેવા ઇબાદતથી પણ ઊંચી છે, તેનાથી અંદરનો આત્મા રોશન થાય છે
- શેખ સાદી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૪૮ | ૬ ઓગષ્ટ ૨૦૧૨, સોમવાર, શ્રાવણ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગિફ્ટ સિટીની સેફટી માટે બે કિમી લાંબી વૉલ

## રિવર પ્રોટેક્શન વર્ક તેમજ સિટીને નેશલન હાઈવે-૮ સુધી જોડવાનો માર્ગ બનાવવા ટેન્ડર ઈસ્યુ કરવા એમ્પાવર્ડ કમિટિની બેઠકમાં આદેશ



(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૫

ગુજરાત ઈન્ટરનેશનલ



ફાયનાન્સ ટેક (ગિફ્ટ) સિટીની ઈમારતોનું ધોવાણ ન થાય તે હેતુથી આ વિસ્તારને કવર કરતી બે કિલોમીટર લાંબી દિવાલ બનાવવાના કામને રાજ્ય સરકારે મંજૂરી આપી છે. એ ઉપરાંત નેશનલ હાઈવે-૮ને જોડતા ફોરલેન માર્ગનું ઝડપથી ડેવલપમેન્ટ કરવાના કામો તત્કાલ હાથ ઉપર લેવા તાકીદ કરવામાં આવી છે.

ગિફ્ટસિટીના ડેવલપમેન્ટ માટે બનાવવામાં આવેલી એમ્પાવર્ડ કમિટીની બીજી બેઠકમાં નક્કી કરવામાં આવ્યા પ્રમાણે ગાંધીનગરમાં સાબરમતી નદીનો પટ પહોળો બનેલો છે. કોતરોની જમીન વધારે હોવાથી તેને સમથળ કરીને બે કિલોમીટર લાંબી દિવાલ બનાવવાની પહેલી જરૂરિયાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

આ દિવાલ ઉભી થાય તો માટીનું ધોવાણ અટકશે અને ઉભી થઈ રહેલી ઈમારતોને સુરક્ષા પ્રદાન થશે. આ બેઠકમાં ગિફ્ટ સિટીને નેશનલ હાઈવેથી જોડવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં શાહપુર બ્રીજ થી ગિફ્ટ સિટીના બાકી કામો પુરાં કરવા તેમજ બાપા સિતારામ ચોકડી થી ગિફ્ટ સિટીના માર્ગના ટેન્ડરો બહાર પાડી આ બન્ને કામો ૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ગિફ્ટ સિટીને જોડતા એક નવા સિગ્નેચર બ્રીજનું કામ પણ હાથ પર લેવા સૂચનાઓ આપવામાં આવી છે. દિવાલ પછી રીવર પ્રોટેકશન વર્ક પણ શરૂ કરવાની તૈયારી કરવામાં આવી છે. આ સિટીમાં ફેસેલિટી માટે સેપ્ટ સંસ્થાને કામ આપવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# વણથંભી વિકાસ યાત્રા જિલ્લાનાં ૧૦૦ ગામોમાં જશે

## ૧૬૭ જેટલા કામોનું ભૂમિપૂજન અને લોકાર્પણના કાર્યક્રમો આ યાત્રા દરમિયાન યોજવામાં આવશે, ૧૫મી ઓગષ્ટે 'વિકાસનો દસકો' નામની પુસ્તિકાનું વિમોચન કરાશે

ગાંધીનગર, તા.૫

આગામી ૧૬મી ઓગષ્ટથી ગાંધીનગર જિલ્લામાં શરૂ થનાર વિકાસની વણથંભી વિકાસ યાત્રામાં જિલ્લાના ૧૦૦ ગામોને આવરી લેવામાં આવશે.

ગુરુ, શુક્ર અને શનિવારના દિવસોએ યોજાનાર આ યાત્રા દરમિયાન ૬૭ જેટલા કામોનું ભૂમિપૂજન કરવામાં આવશે. જ્યારે ૧૦૭ જેટલા કામોનું લોકાર્પણ કરાશે.

વણથંભી વિકાસ યાત્રા દરમિયાન જિલ્લામાં ૧૪ કરોડથી પણ વધુ રકમના આ કામો શરૂ કરાશે અને લોકાર્પણ કરવામાં આવનાર છે. જે કામોનું ભૂમિપૂજન થવાનું છે તેની અંદાજિત કિંમત ૧૦.૫૦ કરોડ જેટલી છે તેમ જાણવા મળેલ છે.

વણથંભી વિકાસ યાત્રા માટેના માર્ગને આખરી કરવામાં આવી રહ્યો છે આ માટે તંત્ર દ્વારા પૂરજોશમાં કવાયત ચાલી રહી છે. દરમિયાન ૧૫મી ઓગષ્ટના રોજ જિલ્લા કક્ષાના ધ્વજવંદન સમારોહ દરમિયાન વિકાસનો દસકો અંતર્ગત એક ૧૦૦ પાનાની પુસ્તિકાનું વિમોચન પણ કરવામાં આવનાર છે.

આ પુસ્તિકામાં સરકારના વિવિધ વિભાગો દ્વારા થયેલી લક્ષ્યાંક સિધ્ધિની વિગતો તેમજ વિકાસની યોજનાઓ અંગેની વિગતો રજુ કરવામાં આવનાર છે. દરેક જિલ્લામાં આ પ્રકારે જ વિકાસનો દસકો એવા વિશેષાંક તૈયાર કરવામાં આવી રહ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જે કામોનું લોકાર્પણ જિલ્લામાં થવાનું છે તેમાં આંગણવાડીના નિર્માણ પામેલ મકાનો, નવા માર્ગો વર્ગખંડો, કોમ્યુનીટી હોલ, આયોજનના કામો વિગેરેનો સમાવેશ થાય છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર આ વિકાસયાત્રા દરમિયાન જ પ્રાંત કક્ષાએ ગરીબ કલ્યાણ મેળાઓનું પણ આયોજન કરવામાં આવશે. એક મહિના સુધી આ યાત્રા ચાલશે. તાલુકા પંચાયતની તમામ સીટોને આવરી લેવામાં આવે તેવી તકેદારી રાખવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે આ વિકાસ યાત્રા દરમિયાન જ પંચાયતી રાજના ૫૦ વર્ષની ઉજવણીનો વિધિવત પ્રારંભ થનાર હોઈ પંચાયતી રાજ ક્ષેત્રે સેવાઓ આપનાર મહાનુભાવોના સન્માનના પણ કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

# આજે ગુજરાતમાં કેશુભાઈના નેતૃત્વમાં ત્રીજા મોરચાનો ઉદય

## પાર્ટીનું બંધારણ નક્કી કરી રાજ્યભરના હોદ્દેદારો નક્કી કરાશે : ૬ઠ્ઠીએ ભાજપની બેઠક હોવાથી જાહેરાત માટે બાપાએ આ તારીખ નક્કી કરી

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૫

પૂર્વ મુખ્યમંત્રી અને ભારતીય જનતા પાર્ટીમાંથી ૬૦ વર્ષ પછી રાજીનામું આપનાર કેશુભાઈ પટેલના પ્રાદેશિક પક્ષની સોમવાર તા. ૬ઠ્ઠી ઓગષ્ટે જાહેરાત થશે. આ પાર્ટીનું રજીસ્ટ્રેશન કરાવવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે તેની સાથે મહા ગુજરાત જનતા પાર્ટીનો ત્રણ વર્ષના ટૂંકા સમયમાં અસ્ત થશે.

કેશુભાઈએ કહ્યું હતું કે મારી પાર્ટી ભાજપની ઓરિજનલ વિચારધારાને વરેલી પાર્ટી હશે અને તેમાં અટલ બિહારી વાજપેયીના વિચારોની છાંટ મૂકવામાં આવશે. નવી પાર્ટીની જાહેરાત રવિવારે કરવાની હતી પરંતુ ભાજપની પ્રદેશ બેઠક ૬ઠ્ઠી ઓગષ્ટે હોવાથી બાપાએ આ તારીખ પસંદ કરી હોવાનું જાણવા મળ્યું છે.

કેશુભાઈની નવી પાર્ટીનું જનતા પાર્ટી તો છે પરંતુ આગળ ક્યું નામ રાખવું તેની ચર્ચા ચાલે છે. સંભવ છે કે તેઓ તેમની નવી પાર્ટીનું નામ ગુજરાત જનતા પાર્ટી રાખે, એ ઉપરાંત રાષ્ટ્રવાદી જનતા પાર્ટી નામ પણ વિચાર્યું છે. તેઓ તેમની પાર્ટીમાં કૌંસ રાખવા માગતા નથી.

ગોરધન ઝડફિયાની મહા ગુજરાત જનતા પાર્ટીનો સોમવારે અસ્ત થશે. તેઓ કેશુભાઈની પાર્ટીમાં ભળી જશે. એવું પણ જાણવા મળ્યું છે કે નવી પાર્ટીમાં ખેડૂત સંગઠનના નેતાઓ, વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ અને ભાજપની ભગિની સંસ્થાઓના નેતાઓને સ્થાન મળશે.

વિધાનસભાની ચૂંટણીમાં કેશુભાઈ વિસાવદરથી ચૂંટણી લડી રહ્યાં છે તો તેમના પુત્ર ભરતને રાજકોટ-૨માંથી લડાવે તેવી શક્યતા છે. કાશીરામ રાણા સુરતથી, નલિન ભટ્ટ અને જસપાલસિંહ વડોદરાથી તેમજ સુરેશ મહેતા કચ્છથી લડે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

કેશુભાઈની પાર્ટી ભાજપને નુકશાન કરે તે માટે કોંગ્રેસ સાથે ઉમેદવારો નક્કી કરવાની ગોઠવણ પણ થવાની છે આ માટે શંકરસિંહ વાઘેલા અને શક્તિસિંહે કેશુભાઈ પટેલનો સાથ માગ્યો છે. ટૂંક સમયમાં બાપુ અને બાપાની મિટીંગ થઈ શકે છે. બીજી તરફ મોદી વિધાનસભાના ઉમેદવારો છેક છેલ્લી ઘડીએ જાહેર કરશે કે જેથી ભાજપ છોડીને કોઈ કેશુભાઈની પાર્ટીની જાય નહીં. આ સ્ટેટેજી સામે કેશુભાઈ જૂથ અવઢવમાં મૂકાયેલું છે.

મહુવાના ધારાસભ્ય કનુભાઈ કલસરિયાએ કેશુભાઈની પાર્ટીમાં જવાનું પસંદ કર્યું છે. એ ઉપરાંત તેમના છ જેટલા સમર્થકો કે જેઓ ચૂંટણી લડવાના છે તેઓને આ પાર્ટીમાંથી ટીકીટ મળશે. પાર્ટીના બંધારણ પછી સભાઓ નક્કી થશે.

### ભાજપ છોડીને ગયેલા નેતાઓ પાછા આવ્યા, તેવું હું નહીં કરૂં : કેશુભાઇ પટેલ

ભાજપમા છોડીને ગયેલા નેતાઓ નાકલિટી તાણીને પાછા આવી ગયા છે પરંતું તેમને તેમનું સ્થાન બતાવી દેવામાં આવેલું છે. એકમાત્ર ભાજપના જસવંતસિંહને વાઈસ પ્રેસિડેન્ટના ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

કેશુભાઈએ સ્પષ્ટતા કરી છે કે તેઓ ઉમા ભારતી, મદનલાલ ખુરાના કે કલ્યાણસિંહની જેમ ભાજપમાં પાછા નહીં ફરે. આજે આ ત્રણેય નેતાઓ ભાજપમાં છે.

ભાજપ છોડીને ગયેલા ગોવિંદાચાર્યએ તો તેમની અલગ સંસ્થા ઉભી કરેલી છે. ગુજરાતમાં એકમાત્ર પૂર્વ એમપી વલ્લભ કથિરીયાને મોદીએ હોદ્દો આપ્યો છે પરંતું બીજા પૂર્વ ધારાસભ્યોને ખૂણે બેસાડી રાખ્યા છે.

ઉલ્લેખયનીય છે કે ભાજપના રાષ્ટ્રીય નેતા રાજીવ પ્રતાપ રૂડીએ કહ્યુંહતું કે કેશુભાઈએ પાર્ટી છોડી છે તેનાથી દુઃખ છે પરંતું અમે તેમને મનાવી લઈને પાછા લાવવા માગીએ છીએ.

### મોદીએ મંત્રીઓને સૂચના આપી કે ઓગષ્ટમાં ગુજરાત ફરી વળો

પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના પાર્ટી છોડવાના પ્રહાર પછી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૬ઠ્ઠીએ વણથંભી વિકાસ યાત્રા અને ગરીબ કલ્યાણ મેળાની જાહેરાત કરવાના છે.

૬ઠ્ઠીએ ગાંધીનગરના ટાઉનહોલમાં ભાજપના પ્રદેશ હોદ્દેદારો અને જિલ્લા પ્રમુખોના સંમેલનમાં સંગઠનને આ સૂચનાઓ આપવામાં આવશે. ૧૬મી ઓગષ્ટ થી ૧૯મી ઓગષ્ટ સુધીના સમયગાળામાં સપ્તાહના છેલ્લા ત્રણ દિવસો ગુરુ,શુક્ર અને શનિવારે આ કાર્યક્રમો યોજાશે.

મોદીએ મંત્રીમંડળના તમામ સભ્યો અને ધારાસભ્યોને આ કાર્યક્રમોને સફળ બનાવવાની સૂચનાઓ આપી છે.





## સૌનો સાથ... સૌનો વિકાસ...



**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય



**શ્રીમતી આનંદીબેન પટેલ**
માન. મહેસુલ મંત્રીશ્રી ગુજરાત રાજ્ય



**શ્રી શંભુજી ઠાકોર**
માન. ધારાસભ્યશ્રી ગાંધીનગર વિધાનસભા



**શ્રી પોપટલાલ પટેલ**
પ્રમુખશ્રી ગાંધીનગર તાલુકા પંચાયત

ગાંધીનગર જિલ્લાના સંતુલિત વિકાસ માટે આપે સદાય કાળજી રાખી અને સર્વાંગી વિકાસના આપના દ્દષ્ટિકોણે વિકાસને નવી દિશા આપી છે.

ગાંધીનગર તાલુકાના વાસણ-ઉનાવા, પીંપળજ માર્ગની એક-એક મીટર પહોળાઈ વધારવાની અમારા અમારા સમક્ષ થયેલી રજૂઆત બાબતે આપનું માયાળુ ધ્યાન ખેંચતાં આપે વિના વિલંબે આ લોકમાંગણીનો સ્વીકાર કરી રૂ. ૯૦ લાખના વહીવટીય ખર્ચના અંદાજોને બહાલી પણ આપી દીધી છે.

તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે અમારી આ રજૂઆતને ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોરે આપનું ધ્યાન દોર્યું હતું. આપે હંમેશા કહ્યું છે કે, વિકાસમાં રાજનીતિ નહિ, વિકાસમાં વિવાદ નહિ - સર્વાંગી વિકાસમાં વિકલ્પ નહિ. આપના આ મંત્ર થકી સૌના સાથ સાથે સૌનો વિકાસ થશે તે નિર્વિવાદ છે.

**પોપટલાલ પટેલ**
પ્રમુખશ્રી
ગાંધીનગર તાલુકા પંચાયત, ગાંધીનગર

**ગાંધીનગર તાલુકા પંચાયત સદસ્ય ગણ પરિવાર**